Tuesday
18.11.2025
✳Volume :10 ✳ Issue No.130
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

ગાંધીનગરમાં સી.એમ. ફેલોશીપ યુવાઓનો એક દિવસીય વર્કશોપ સંપન્ન

વરિષ્ઠ સચિવોના અનુભવ અને સી.એમ. ફેલોશીપ યુવાઓના જ્ઞાન-કૌશલ્યના સમન્વયથી સામાન્ય માનવીની સુખ-સુવિધા અને ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસને વધુ સંગીન બનાવવાની નેમ વ્યક્ત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રશાસનિક વ્યવસ્થાઓમાં પ્રતિભાશાળી યુવાશક્તિના ઈનોવેટીવ આઈડીયાઝના વિનિયોગ માટે ૨૦૦૯માં શરૂ કરાવેલો સી.એમ. ફેલોશીપ પ્રોગ્રામ ગુડ ગવર્નન્સ માટે મહત્વપૂર્ણ બન્યો છે

કમલમ્,
મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે રાજ્યની પ્રશાસનિક વ્યવસ્થાઓમાં પરિવર્તનકારી બદલાવોથી સામાન્ય માનવીની સુવિધા, સુખાકારીના કામો અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ સંગીન બનાવવાની નેમ વ્યક્ત કરીછે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, યુવાશક્તિના જ્ઞાન, કૌશલ્ય અને વરિષ્ઠ સચિવોના અનુભવના સમન્વયથી આ નેમ સાકાર કરવીછે. મુખ્યમંત્રીશ્રી સી. એમ. ફેલોશીપ અંતર્ગત પસંદગી પામેલા અને રાજ્ય શાસનમાં વિવિધ વિભાગોમાં કાર્યરત ૨૪ સી.એમ. ફેલોના એક દિવસીય વર્કશોપનો પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્ય મંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં ૨૦૦૮માં આ સી.એમ. ફેલોશીપની શરૂઆત કરાવીને તેજસ્વી યુવાઓના ઈનોવેટિવ આઈડિયાઝથી ગુડ ગવર્નન્સનો રાહ દર્શન ચીંધ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીએ અપનાવેલા અભિગમને પ્રશાસનિક વ્યવસ્થાને વધુ લોકાભીમુખ બનાવીને ટેકનોલોજીના ઉપયોગથી લોકહિતના કામો માટેના પથપ્રદર્શક ગણાવ્યો હતો. "અમે સરકાર ચલાવવા નહીં દેશમાં બદલાવ લાવવા હતુ સાથે કામ કરીએછીએ" એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાપ્રેરણા વાક્યનો ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી આ વાતને ચરિતાર્થ કરીને દેશમાં અનેક બદલાવો લાવ્યા છે. વડાપ્રધાનશ્રીએ ડિજિટલ ભારતથી ગ્રામીણ વિસ્તારો સુધી ડિજિટલ ટેકનોલોજી પહોંચાડીને લોકોનું જીવન વધુ સરળ બનાવ્યું છે તેમપણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વિશ્વમાં જે શ્રેષ્ઠ હોય તે ગુજરાતમાં પણ હોય તેવા વિચાર સાથે વડાપ્રધાનશ્રીએ ૨૦૦૮માં શરૂ કરાવેલો સી.એમ. ફેલોશીપ આજે રાજ્ય વહીવટમાં પ્રતિભાશાળી યુવાઓના યોગદાનનું બેસ્ટ પ્લેટફોર્મ બન્યો છે એમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારત જ ૨૦૪૭ના આપેલા સંકલ્પને સાકાર કરવામાં આ વ્યવસ્થાઓ ગુજરાતને અગ્રેસર રાખવા સૌના સહયોગની અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરીહતી. આ એક દિવસીય શિબિરના પ્રારંભે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સ્પીપા અને આઈ.આઈ.એમ. ઈન્દોર વચ્ચે એમઓ.યુ. કરવામાં આવ્યા હતા. સ્પીપાના ડાયરેક્ટર જનરલ શ્રી હરિત શુક્લા અને આઈ.આઈ.એમ. ઈન્દોરના રિરેક્ટર શ્રી હિમાંશુ સિંઘે આ એમ.ઓ.યુ. પરસ્પર એક્સચેન્જ કર્યા હતા.

વિવિધ ૧૧ જેટલા વિષયોમાં પબ્લિક પોલીસી મેનેજમેન્ટ સંદર્ભે કેપીસીટી બિલ્ડીંગ તાલીમ કાર્યક્રમના સંયુક્તપણે આયોજન માટે આ એમ.ઓ.યુ. ઉપયોગીબનશે. મુખ્ય સચિવ શ્રીએમ.કે. દાસે સી.એમ. ફેલોશીપના ફેલો યુથના યોગદાન તથા રિસર્ચ અને કેસસ્ટડીઝને ગુડ ગવર્નન્સ માટે ઉપયોગી ગણાવ્યા હતા. તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપને વધુ વેગ મળ્યો છે તેમ ઉમેર્યું હતું.

આ એક દિવસીય શિબિરમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવશ્રીઓએ સી.એમ. ફેલોને માર્ગદર્શન આપ્યું હતું. સી.એમ. ફેલોએ પોતાના પ્રેઝન્ટેશન્સ પ્રસ્તુત કર્યા હતા અને બેસ્ટ પ્રેક્ટિસીસનું શેરીંગ કર્યું હતું. આ શિબિરના ઉદઘાટન સત્રમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા, રાજ્ય સરકારના વિભાગોના વરિષ્ઠ સચિવશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવ શ્રીમતી અવંતિકા સિંઘ તથા સચિવ શ્રી ડો. વિક્રાંત પાંડે અને સી.એમ. ફેલો ઉપસ્થિત રહ્યા હતા.

ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રીશ્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે શુભેચ્છા મુલાકાત કરી

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રાબાબુ નાયડુએ ઇફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

ઇફકો કિસાન SEZના વિકાસ અંગે વ્યાપક અને ઊંડાણપૂર્વકની ચર્ચા થઈ : દિલીપ સંઘાણી

મુખ્યમંત્રીશ્રીના સકારાત્મક અભિગમ અને ત્વરિત સહકાર બદલ હૃદયપૂર્વક આભાર: દિલીપ સંઘાણી

ઇફકો કિસાન SEZ પ્રોજેક્ટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે : મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુ

કમલમ્,
ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે મુલાકાત કરી અને ઈફકો કિસાન SEZના વિકાસ કાર્યોને આગળ ધપાવવા અંગે અત્યંત સારગર્ભિત અને સકારાત્મક ચર્ચાકરી. મુખ્યમંત્રીએ શ્રી દિલીપ સંઘાણીનું સ્વાગત કરી સૌજન્ય વ્યક્ત કર્યું. બેઠક દરમિયાન પ્રોજેક્ટની વર્તમાન પ્રગતિ, ભવિષ્યની સંભાવનાઓ અને રાજ્ય સરકાર તરફથી વધારાના સહકારને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા કરી. મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુએ ઈફકો કિસાન SEZ પ્રોજેક્ટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબજ મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું અને સંબંધિત અધિકારીઓને પ્રોજેક્ટ માટે જરૂરીતમામ સહકાર અને કાર્યવાહીતાત્કાલિક આપવા નિર્દેશ આપ્યા. શ્રી દિલીપ સંઘાણીએ મુખ્યમંત્રીશ્રીના સકારાત્મક અભિગમ તથા તાત્કાલિક સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે રાજ્ય સરકારના આ સમર્થનથી પ્રોજેક્ટને નવી ગતિ મળશે તથા ક્ષેત્રના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને મજબૂત આધાર મળશે. બેઠકમાં આંધ્ર પ્રદેશના ઉદ્યોગ મંત્રી શ્રી ટી.જી. ભારત, ઉદ્યોગ વિભાગના સચિવ ડો. એન. યુવરાજ (IAS), ઈફકાના મેનેજિંગ ડિરેક્ટર શ્રીકે.જે. પટેલ, સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાકેશ કપૂર, ઈફકો કિસાન SEZ ના મેનેજિંગ ડિરેક્ટર શ્રીટી. સુધાકર અને નેલ્લોરના કલેક્ટર શ્રી હિમાંશુ શુક્લા (IAS) ઉપસ્થિત રહ્યા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અમદાવાદમાં ઘાટલોડીયા વિધાનસભા વિસ્તારમાં 'સરદાર @ 150 યુનિટી માર્ચ યોજાઈ

ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા - પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને રાજ્યમંત્રી શ્રી દર્શનાબેન વાઘેલા સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ

સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગથી આત્મનિર્ભર ભારત નિર્માણના સામૂહિક શપથ લેવાયા

કમલમ્,
મુખ્યમંત્રીશ્રીભૂપેન્દ્ર પટેલેએકતા અને અખંડિતતાના શિલ્પી પ્રતિક સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મીજન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે ઘાટલોડીયા વિધાનસભા વિસ્તારની 'સરદાર @ 150 યુનિટી માર્ચ' પદયાત્રાનું આંબલી ખાતેથી ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં ઉજવાઈ રહેલી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં આયુનિટી માર્ચ જન જન સુધી રાષ્ટ્રીય એકતાનો ભાવ ઉજાગર કરવા યોજાઈ રહી છે. મુખ્યમંત્રીશ્રીએ આ રાજ્યવ્યાપી યુનિટીમર્ચનો તારીખ૯ નવેમ્બરે જૂનાગઢથી પ્રારંભ કરાવ્યા બાદ વિધાનસભા વિસ્તાર વાઈઝઆ માર્ચના આયોજન અંતર્ગત તમણે પોતાના ઘાટલોડિયા વિધાન સભા મત ક્ષેત્રમાં સોમવારે સવારે યુનિટી માર્ચને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આઅવસરે કહ્યું કે, આઝાદી પછી સરદાર વલ્લભભાઈ પટેલે દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહ મંત્રી તરીકે પદર રજવાડાઓના વિલીનીકરણથી એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એજ એકતાના મંત્રને એક ભારત, શ્રેષ્ઠ ભારતથી સાકાર કર્યો છે. તેમણે જૂનાગઢથી પ્રારંભ કરાવ્યા બાદ વિધાનસભા વિસ્તાર વાઈઝઆ માર્ચના આયોજન અંતર્ગત તમણે પોતાના ઘાટલોડિયા વિધાન સભા મત ક્ષેત્રમાં સોમવારે સવારે યુનિટી માર્ચને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આઅવસરે કહ્યું કે, આઝાદી પછી સરદાર વલ્લભભાઈ પટેલે દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહ મંત્રી તરીકે પદર રજવાડાઓના વિલીનીકરણથી એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એજ એકતાના મંત્રને એક ભારત, શ્રેષ્ઠ ભારતથી સાકાર કર્યો છે. તેમણે જૂનાગઢથી પ્રારંભ કરાવ્યા બાદ વિધાનસભા વિસ્તાર વાઈઝઆ માર્ચના આયોજન અંતર્ગત તમણે પોતાના ઘાટલોડિયા વિધાન સભા મત ક્ષેત્રમાં સોમવારે સવારે યુનિટી માર્ચને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આઅવસરે કહ્યું કે, આઝાદી પછી સરદાર વલ્લભભાઈ પટેલે દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહ મંત્રી તરીકે પદર રજવાડાઓના વિલીનીકરણથી એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં વિકાસની રાજનીતિસ્થાપી છે, તેમના નેતૃત્વમાં સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્ર થકી ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક મહાસત્તા બનવા તરફ આગળ વધીરહ્યું છે.

વધુમાંતેમણે કહ્યું કે, આપણેસૌ સરદાર સાહેબને યાદ કરી, સ્વદેશીનેજીવનના હિસ્સા બનાવી વિકસિત ભારતનું નિર્માણ કરીએ તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિતસૌને આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે, આપણે સૌએક બની, નેક બની વિકસિતભારત @2047 નાસંકલ્પને સાકાર કરવા કટિબદ્ધ બનીએ. આ યુનિટી માર્ચમાં જોડાયેલા સૌએ સ્વદેશી અપનાવવાના અને આત્મનિર્ભર ભારત માટેયોગદાન આપવાના સામૂહિક શપથ લીધા હતા. અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિમાબેનજૈને સ્વાગત પ્રવચન કરીસૌને આવકાર્યાહતા અને કહ્યુંહતું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રીનાનેતૃત્વમાયોજાયેલીઆ 'યુનિટી માર્ચ' થકી સરદાર પટેલને સાચા અર્થમાં શ્રધ્ધાંજલિ અર્પણ થશે. આ પ્રસંગેભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, રાજ્યમંત્રી શ્રી દર્શનાબેન વાઘેલા, સાંસદ શ્રીદિનેશભાઈ મકવાણા અને શ્રી નરહરિભાઈ અમીન, મહાનગરના પ્રભારી શ્રી રજનીભાઈ પટેલ, શહેરના ધારાસભ્યશ્રીઓ, શહેર ભાજપ અધ્યક્ષ શ્રી પ્રેરક ભાઈ શાહ, બાળ સંરક્ષણ આયોગના ચેરમેનશ્રીધર્મિષ્ઠાબેન ગઢ્ઢર, મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધી પાની, શહેર પોલીસ કમિશનર શ્રીજી.એસ.મલિક, કલેક્ટર શ્રીસુજીત કુમાર, જિલ્લાવિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, સાધુ-સંતો, રાજવી પરિવાર, કોર્પોરેટર શ્રીઓ, પક્ષના પદાધિકારીઓ, યુવાનો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

ભારતીય રિઝર્વબેંક (RBI) દ્વારા માન્યતા પ્રાપ્ત NBFC - MFI (નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપની - માઇક્રોફાઇનાન્સ ઇન્સ્ટિટ્યુશન) માટેની રાષ્ટ્રીય સ્તરની 'સ્વ-નિયામક સંસ્થા' માઇક્રોફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીનેટવર્ક (MFIN) દ્વારા અમદાવાદ જિલ્લાના ચાંદખેડા ખાતે નાણાકીય જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહિલા ઉદ્યોકર્તાઓની સક્રિય ભાગીદારી જોવા મળીહતી. આકાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોને નાણાકીય બાબતોની બહેતર સમજ આપવાનો હતો, જેમાં મુખ્ય તત્વ બચત યોજનાઓ અને રોકાણના વિકલ્પો વિશે માહિતી આપવી, લોન લેવા અને ચૂકવવા અંગે માર્ગદર્શન આપવું, અને નાણાકીય છેતરપિંડીથી બચવા માટે જરૂરી સાવચેતીઓ વિશે શિક્ષણ આપવાનો સમાવેશ થતો હતો. કાર્યક્રમ દરમિયાન, શ્રી કિરણ કુમાર ચાવડા(એલડીએમ, ભારતીયસ્ટેટ બેંક, અમદાવાદ જિલ્લા) એલોન વાસ્તવિક જરૂરિયાત અનેચૂકવાની ક્ષમતા પર આધારિતહોવી જોઈએતેની ભલામણકરી અને ભારપૂર્વક જણાવ્યું કે RBI દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ RBI નાનિર્દેશોનું પાલન કરી રહી છે; તેમણે ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં માઇક્રોફાઇનાન્સની ભૂમિકાની પ્રશંસા કરી અને લખપતિ દીદી યોજના, PMJJY, PMJSY જેવી યોજનાઓપર ભાર મૂક્યો. શ્રી અનિલ મોરઘાના (નિર્દેશક, આર.ઈ.એસ.ટી.આઈ., અમદાવાદજિલ્લા) એજણાવ્યું કે RBI દ્વારા નિયંત્રિત સંસ્થાઓ માઇક્રોફાઇનાન્સમાં મોખરે છે અને નાણાકીયસમાવેશ માટેઅત્યંત મહત્વપૂર્ણ છે, અનેતેમણે MFIN ને બ્લોક સ્તરે વધુકાર્યક્રમોનું આયોજન કરવાની સલાહ આપી. શ્રી એમ. એન. ચાવડા (એસીપી, ઈ.ઓ.ડબલ્યુ., અમદાવાદ પોલીસ) એ ઉધારકર્તાઓને છેતરપિંડીથી બચવા માટે નિયમિતચૂકવણી કરવા અને જરૂરીપગલાં લેવાની સલાહ આપી; તેમણે વધતીછેતરપિંડીને ધ્યાનમાં રાખીને લોકોને નાણાકીય છેતરપિંડીથી બચવાની રીતોવિશેજાગૃત કરવા પર ભાર મૂક્યો અને લોન માહીની ભ્રામક ઝુંબેશોથી સાવધાન રહેવા તથા આવી ઘટનાઓની તાત્કાલિક ૧૯૩૦ પર જાણ કરવા જણાવ્યું, સાથે જ કોઈ પણ સમસ્યાના કિસ્સામાં MFINના ટોલ-ફ્રી નંબર - ૧૮૦૦૧૦૨૧૦૮૦ પર સંપર્ક કરવા જણાવ્યું. આ જાગૃતિ કાર્યક્રમમાં શ્રી પૂર્વેયા (પીআઈ, ઈ.ઓ.ડબલ્યુ., અમદાવાદ પોલીસ)પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ઘનશ્યામ સિંહ મોરી (પી.એસ.આઈ., સાયબર સેલ, અમદાવાદ ગ્રામીણ પોલીસ) એ ઉધારકર્તાઓને લોન માફીના ખોટા સંચારમાં નકસાવા માટે ચેતવણી આપી, કારણ કેતે તેમનાક્રેડિટ સ્કોરને અસર કરી શકે છે. MFIN ના પ્રતિનિધિ શ્રી દેવેન્દ્ર શાહપુરકર (ઉપાધ્યક્ષ, પશ્ચિમીક્ષેત્ર) એ જણાવ્યું કે'આ કાર્યક્રમ દૂરના વિસ્તારોમાં રહેતા લોકોને નાણાકીય સેવાઓ સાથે જોડવાનો પ્રયાસ છે અને આ વિસ્તારમાં અનુપ્રિક્ષિત લોકો દ્વારા ફેલાવવામાં આવતા ભ્રામક પ્રચારને ધ્યાનમાં રાખીને MFIN દ્વારા ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું આયોજન ચાલુ રાખવાની યોજના જાહેર કરી. શ્રીશાહપુકરે કાર્યક્રમમાં સહાય અને માર્ગદર્શન આપવાબદલ શ્રીજ્ઞાનેન્દ્ર સિંહમલિક (પોલીસ કમિશનર, અમદાવાદ શહેર), શ્રી સુજીતકુમાર (કલેક્ટર, અમદાવાદ જિલ્લા), અનેશ્રી શ્રદ્ધ સિંઘલ (સંયુક્ત પોલીસ કમ્મિશનર, કાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર)નો આભાર વ્યક્ત કર્યો હતો.

'મિશન મંગલમ' થકી મહિલાઓ બની 'આત્મનિર્ભર ગુજરાત'નો આધાર

ગાંધીનગર મેટ્રો સ્ટેશન ખાતે સંચાલિત 'મંગલમ કેન્ટીન' એ મહિલા સ્વ-રોજગારનું ઝળહળતું ઉદાહરણ

કમલમ્,

'મિશન મંગલમ' યોજના લાખો ગ્રામીણ અને શહેરી ગરીબ મહિલાઓના જીવન માં આર્થિક આત્મનિર્ભરતા અને મહિલા સશકતીકરણ પ્રત્યેના ગુજરાત સરકારના મજબૂત સંકલ્પનું જીવંત ઉદાહરણ છે. આ યોજના થકી અનેક મહિલાઓ આત્મનિર્ભર બનીને 'આત્મનિર્ભર ગુજરાત અને હર ઘર સ્વદેશી'નો સંકલ્પ સાકાર કરી રહીછે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનાપ્રોત્સાહનથી મહિલાઓ માટેમિશન મંગલમઆશાનું કિરણ સાબિતથયું છે. હાલમાંગાંધીનગર મેટ્રો સ્ટેશન, સેક્ટર -1 ખાતે સંચાલિત 'મંગલમ કેન્ટીન' એ મહિલા સ્વ-રોજગારનું ઝળહળતું ઉદાહરણ બન્યું છે. આ યોજનાની સાર્થકતા ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના શ્રી પુષ્પાબેન પરમાર અને કલોલ તાલુકાના શ્રી વૈશાલીબેન રાઠોડ જેવી હજારો મહિલાઓના જીવનમાં જોઈ શકાય છે. મિશન મંગલમ હેઠળ રચાયેલા 'જય ચામુંડ' ગ્રુપ સાથે પુષ્પાબેન પરમાર જોડાયા હતા. રાજ્ય સરકારે મિશન મંગલમ દ્વારા સખી મંડળને એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. તેમને બેંક સાથેજોડાણ કરાવવાથીતેમને નાનું ધિરાણ મેળવવું સરળ બન્યું છે. પુષ્પાબેનને પ્રથમવ્રુ. ૦૧લાખની લોન બીજીવાર રૂ. ૦૪ લાખની લોન મેળવીહતી. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીનામાર્ગદર્શન અને રાજ્ય સરકારના પ્રોત્સાહનથી, પુષ્પાબેન અને વૈશાલીબેને સાથે મેળીને ગાંધીનગરસેક્ટર-૦૧ મેટ્રો સ્ટેશન ખાતે એક કેન્ટીન બનાવી પોતાનો સ્વ ઉદ્યોગ શરૂ કર્યો છે. આજે પુષ્પાબેનનું સખી મંડળ વાર્ષિક અંદાજે રૂ. ૬ લાખ સુધીની આવક મેળવીરહ્યું છે.આ સફળતા પુષ્પાબેન અને વૈશાલીબેનના પરિવારો માટે ગૌરવ અને આર્થિક સુરક્ષા લઈને આવી છે. આ મંગલમ કેન્ટીનમાં સવારે ૮ થી સાંજે ૭.૩૦વાગ્યા સુધીગ્રાહકોને ગરમ ગરમ થેપલા, આલુ પરાઠા, મેગી, પૌંઆ, સમોસા અને ઢોકળા જેવા ગરમ નાસ્તા અને ચા-કોફી આપવામાં આવેછે. આબંને બહેનો દ્વારા કેન્ટીનમાં તમામ વસ્તુઓ તાજી અને શુદ્ધ સીંગતેલથી જ બનાવવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છેકે, આયોજના હેઠળ સખી મંડળોને બેંકો સાથે જોડીને રિવોલ્વિંગ ફંડ અને બેંક ધિરાણ મેળવવામાં મદદ મળી છે. પરિણામે, લાખો સખી મંડળોએ અત્યાર સુધીમાં હજારો કરોડ રૂપિયાનું ધિરાણ મેળવી આત્મનિર્ભર બની છે. મિશન મંગલમએ પુરવાર કર્યું છે, જ્યારે રાજ્ય સરકાર ગરીબી નાબૂદીના હેતુથી મહિલાઓને કેન્દ્રમાંરાખીને નક્કર નીતિઓબનાવે છે અને તેને નિષ્ઠાપૂર્વક અમલમાં મૂકે છે, ત્યારે સામાજિક અને આર્થિક પરિવર્તનની લહેર સમગ્રરાજ્યમાં જોવા મળે છે. ગુજરાત સરકારના સહયોગથી મહિલાઓ આજે આત્મનિર્ભર ગુજરાતના સપનાને સાકાર કરીરહીછે.

રાજકોટ જિલ્લા ભાજપ 'કમલમ' ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી ઉજવાઈ

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના લાઈવ ટેલીકાસ્ટ સાથે ઉજવણી કરતુ રાજકોટ જિલ્લા ભાજપ -દવે, ઢોલરીયા, જાડેજા, હેરભા, માંકડિયા

કમલમ્,

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વર્ષ ૨૦૨૧માં ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતીને "આદિવાસી ગૌરવદિવસ" તરીકે જાહેર કરેલ. જેઅંતર્ગત ભગવાન બિરસા મુંડાના ૧૫૦મા જન્મજયંતી નિમિત્તેરાજકોટ જિલ્લા ભાજપ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષશ્રીજગદીશભાઈ વિશ્વકર્મા સાહેબ, પ્રદેશસંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, જિલ્લા સંગઠન પ્રભારીશ્રી ધવલભાઈદવે, જિલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાના માર્ગદર્શન હેઠળ તથા પ્રદેશમંત્રી વક્તા તરીકે પધારેલા પ્રદેશ કિસાન મોરચા મહામંત્રીશ્રી હિરેનભાઈ હીરપરા, જિલ્લા ભાજપમહામંત્રીશ્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી હરેશભાઈ હેરભાની ઉપસ્થિતિમાં "ઉજવણી સમારોહ" અંતર્ગત રેડીયાપાડા ખાતે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો જાહેર સંબોધન ના કાર્યક્રમ લાઈવ ટેલીકાસ્ટ થયેલ. જે માં માન.પ્રધાનમંત્રી સાહેબ, માન. મુખ્યમંત્રી સાહેબ તેમજ રાજકોટ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશમાંથી વક્તા તરીકે પધારેલ પ્રદેશ કિસાન મોરચા મહામંત્રીશ્રી હિરેનભાઈ હીરપરા તેમજ જીલ્લાભાજપ મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રીહરેશભાઈ હેરભા, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણીએ ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતી નિમિતે જીવનચરિત્ર અંગે માહિતીગાર કર્યા હતા.

તેઓએ માહિતી આપતા જણાવ્યું હતું કે, બિરસા મુંડાનો જન્મ ૧૫,નવેમ્બર ૧૮૭૫ના રોજ ઝારખંડરાજ્યના રાંચી નજીક ઉલીહાતુ ગામમાં મુંડા આદિવાસી પરિવારમાં થયો હતો. ૦૯,જુન ૧૯૦૦ના રોજ બ્રિટિશ હિરાસતમાં રાંચી જેલમાં બિરસા મુંડાનું અવસાન થયું હતું. તેમનું મૃત્યુ સ્વસ્થમધ્યવયનિકજમીનદારોના શોષણ સામે લડવા માટે શરૂ થયું હતું. આંદોલના જમીનધારણ અને આદિ વાસી હક્કોની સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ લડત બની. ગુજરાતમાં બિરસા મુંડાની જન્મજયંતીવિશેષ રીતેઉજવાય છે, કારણકેગુજરાતમાંઆદિવાસીસમુદાયની ઉલ્લેખનીય વસ્તી છે. દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ અને નર્મદા જેવા વિસ્તારોમાં આદિવાસી સમાજ બિરસા મુંડાને પોતાના આદર્શ ગણે છે. જેથી આ લોકમાંતમની જન્મજયંતી ઉજવાય છે. બિરસામુંડા જયંતિપર વિવિધ કાર્યક્રમોનુંઆયોજન થાય છે, જેમ કે આદિવાસી સંસ્કૃતિના પ્રદર્શન, લોકનૃત્ય, કાવ્યગાન અને તેમના જીવન પરથી પ્રેરિત નાટકો. આ કાર્યક્રમોનોહેતુ છેજનજાતિ હક્કો વિશે જાગૃતિ લાવવી અને તેમના વારસાનું સન્માન કરવું જેવા કાર્યક્રમો યોજાય છે. આ ઉજવણી માત્ર આદિવાસી સમાજ માટે જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે મહત્વપૂર્ણ છે, કારણ કેતે બિરસા મુંડા જીવનમૂલ્યો અને આદર્શોનેકાલવાવાની તકઆપે છે. તે લોકોમાં સમાનતા, ન્યાય અને સામાજિક શોષણ વિરુદ્ધ જાગૃતિ લાવવાનું કામ કરે છે. આ કાર્યક્રમમાં પ્રદેશ કારોબારી સભ્યશ્રી દિનેશભાઈ અમુતિયા, જીલ્લા ઉપપ્રમુખશ્રી રાજુભાઈ ધારૈયા, જીલ્લા મંત્રીશ્રી મનોજભાઈ રાઠોડ, શ્રી વિશાલભાઈ કાગલીયા, જીલ્લા કિસાન મોરચા પ્રમુખશ્રીવિનુભાઈ ઠુંમર,જીલ્લાડેક્ટર સેલ કન્વીનરશ્રી ડી.ટી.પંકભાઈ પીપળીયા, જીલ્લા શિક્ષક સેલ કન્વીનરશ્રી ડી.બી.પીનભાઈ સાવલિયા, જીલ્લા અ.જા. મોરચા મહામંત્રીશ્રી નરોત્તમભાઈ પરમાર, જીલ્લા લીગલ સેલ કન્વીનરશ્રી નીતિનભાઈ સગપરીયા, રાજકોટ તાલુકા ભાજપપ્રમુખશ્રી કેયુરભાઈ ઢોલરીયા, રાજકોટ તા.પંચાયત પ્રમુખશ્રી ચેતનભાઈ કણોદીયા, કોટડાસાંગાણીતાલુકા મહામંત્રીશ્રી યુવરાજભાઈ ખાટરીયા, પૂર્વ જીલ્લા ઉપપ્રમુખશ્રી તળશીભાઈ તલપરા, શ્રી ડી.કે.બી લદાણીયા, શ્રી મુકેશભાઈ મેર, શ્રી નરેન્દ્રભાઈ ચાવડા, શ્રી મુનાભાઈશિયાળ, શ્રી બીપીનભાઈ ભંડેરી, શ્રી ભાગવંભાઈ મેતલીયા, શ્રી ગોવિંદભાઈ ઠિંહ લા સહીતના જીલ્લા તેમજ મંડલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ વર્ષ' ઉત્સવની ઉજવણી કરાઈ

કમલમ્, રાજકોટ

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિના અવસરે 'જનજાતીય ગૌરવ વર્ષ' ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે રાજકોટ જિલ્લામાંરૂ. ૯૭૨ લાખના વિકાસ કાર્યોનો લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાંઆવ્યાહતા. શહેરના હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લાભર માંથી મોટી સંખ્યામાં આદિવાસી સમુદાયના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ અને રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન રંગાણીએ કહ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાના જીવનમાંથી સમગ્રજન સમુદાયને પ્રેરણા મળે છે. તેમના જીવન ઉદ્દેશ્યોને નવી પેઢીએ જાણીને જીવનમાં ઉતારવા જોઈએ. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના લોકપાલ અને કાર્યક્રમના મુખ્ય વક્તા ડો. સંજીવ ઓઝાએ ભગવાન બિરસા મુંડાના જીવન પ્રસંગોની વિગતો સાથે પ્રેરક વક્તવ્ય આપ્યુંહતું. તેમણેકહ્યુંહતું કે, ભગવાન બિરસા મુંડા માત્ર અન્યાય સામેલડનારા લડવૈયા જ નહીં, પણ સમાજ સુધારક હતા. બિરસા મુંડાએ બચપણમાં જ સ્વધર્મ, સ્વરાજ અને સનાતન સંસ્કૃતિ સાથે કોઈ સમાધાન નહીં કરવાની આપણીશીખને જીવનમાં ઉતારવી જોઈએ.જિલ્લાકલેક્ટરશ્રી ડો.ઓમપ્રકાશસ્વાગતપ્રવચન કર્યું હતું. જ્યારે જિલ્લા વિકાસ અધિકારી શ્રીઅનંદુ સુરેશ ગોવિંદે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા આદિવાસી રમતવીરોનું સન્માન તેમજ આદિવાસી યુવતીઓ અને છાત્રાઓનેસરકારની યોજનાકીય સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આકાર્યક્રમમાં રાજકોટ મહાનગર પાલિકાનામેયર શ્રીમતી નયનાબેન પેઢડિયા, સાંસદ શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્ય સર્વ શ્રી રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, ડેપ્યુટીમેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષના નેતા શ્રી મનીષભાઈ રાડીયા, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, અગ્રણી શ્રી માધવ દવે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કુડોલ શાળામાં વ્યાખ્યાન બાદ સ્વદેશી વિન્ટર સ્વેટર ગ્લુકો બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું

કમલમ્,

શ્રી એમ.એલ.ગાંધી સંચાલિત સર પી.ટી. સાયન્સકોલેજ મોડાસાઅરવલ્લી જીલ્લાવિસ્તારના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગતિવિધિ પ્રમુખતા સરકારીનામી એવોર્ડીસાયણશાસ્ત્રના પ્રો.ડો.મનોજભાઈ પી. ગેંગીવાલાએ શ્રી કુડોલ ની શાળા મા વાલી મિત્રો ની હાજરી મા પ્રેરક વ્યાખ્યાન આપી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્વદેશી વિન્ટર સ્વેટર આપવામાં આવ્યા.શાળાતેમજ આંગણવાડીમાટે ગ્લુકોબિસ્કીટ પરલેજીના પેકેટ બધાને આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગામના વડ શ્રી ખેમચંદભાઈ પરમાર એસએમસી સભ્ય શ્રી હિતેશભાઈ જોષીહાજર રહ્યાહતા. આચાર્ય શ્રી નીતિનભાઈ પટેલદ્વારા કાર્યનુંસુચારુ આયોજન કરવામાંઆવ્યું શિક્ષકશ્રી દ્વારા આભાર માન્યો હતો.

વિધાનસભા–૬૮માં ધારાસભ્ય ઉદય કાનગડના માર્ગદર્શન હેઠળ સરદાર વલ્લભભાઈ પટેલ ની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે યોજનાર 'એકતા યાત્રા' અંતર્ગત બેઠક યોજાઈ

મેયર નયનાબેન પેટકોડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, પરીમલભાઈ પરડવા,પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા

બેઠકમાં ઉપસ્થિત આગેવાનો—કાર્યકત ઓ ધ્વારા 'એક ભારત— શ્રેષ્ઠ ભારત' ના સંકલ્પને સાકાર કરી એકતા યાત્રાને ભવ્યાતિભવ્ય રીતે સફળ બનાવવા માટે પ્રતિબધ્ધતા વ્યકત કરાઈ

કમલમ્,રાજકોટ

અંખડ ભારતના સ્વપ્નદ્રષ્ટા અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે વિધાનસભા–૬૮ભાજપ ધ્યારાધારાસભ્ય ઉદય કાનગડના માર્ગદર્શન હેઠળ ભૂપેશ સ્કૂલ ખાતે એકતા યાત્રા બાબતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રીઅશ્વિન મોલીયા, સરદાર વલ્લભભાઈ પટેલ ૧૫૦મી જન્મજયંતિ ના ઈન્ચાર્જ વલ્લભભાઈ દુધાત્રા, રમેશભાઈ પરમાર, કિશોરભાઈ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખ પરીમલભાઈ પરડવા, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ધરોડીયા, નયનાબેન માલી, અધિકારી મિલન ભાઈ દેસાઈ, શહેરનાઆગેવાનો, વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, શાળા સંચાલક મંડળના હોદેદારો– સંચાલકો, કોર્પોરેટરશ્રીઓ તથા વોર્ડ નં.૩,૪,૫, ૬,૧૫ અને ૧૬ના હોદેદારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાહતા. આ બેઠકમાં શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ મહામંત્રીકિશોરભાઈ રાઠોડએ પ્રાશંકિક વકતવ્યઆપતા જણાવેલ કે સરદાર વલ્લભભાઈ પટેલનું સમગ્ર જીવન ધીરજ, અપાર સંકલ્પશકિત અનેરાષ્ટ્રપ્રેમનું જીવંત પ્રતીકરહ્યુંછે. તેઓમાત્ર સ્વતંત્રતા સેનાની નહોતા પરંતુ એક રાષ્ટ્ર બનાવનાર મહાન સંગઠનકાર હતા. તેમના જીવનમૂલ્યો માત્ર ઈતિહાસનથી, પરંતુઆજે આપણી રાષ્ટ્રીયપ્રગતિનોમજબૂતઆધારસ્તંભ છે.સરદાર વલ્લભભાઈ પટેલના 'એક ભારત— શ્રેષ્ઠ ભારત' ના સંકલ્પને ચરિતાર્થ કરવા દેશના યશસ્વીપ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશને મજબૂત અને સક્ષમ નેતૃત્વ પુરૂ પાડી રહ્યા છે ત્યારે સરદાર વલ્લભાઈ પટેલના જીવન મૂલ્યો, રાષ્ટ્રનીએકતા, અખંડિતતા ના સિધ્ધાંતોને અનુસરી આગામી દિવસોમાં વિધાનસભા–૬૮માં યોજાનાર ભવ્ય 'એકતા યાત્રા' ને સફળ બનાવવા સમાજના દરેક વર્ગને જોડી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયાએ,સંચાલન અને આભારવિધિ શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમારએ કરેલ.આ બેઠકમાંઉપસ્થિતતમામ આગેવાનો, હોદેદારો, કાર્યકતા ભાઈ—બહેનોએ સરદાર વલ્લભભાઈ પટેલના 'એક ભારત–શ્રેષ્ઠ ભારત' ના સંકલ્પને સાકાર કરી એકતા યાત્રાને ભવ્યાતિભવ્ય રીતેસફળ બનાવવા માટે પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

રાજ્યના કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં ઉમરગામ ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની શાનદાર ઉજવણી

જનજાતિય ગૌરવ દિવસે વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કરાઈ, રમતગમતમાં સિદ્ધિ મેળવનાર ખેલાડીઓનું સન્માન પણ કરાયું

જનજાતિય ગૌરવ યાત્રા એ આદિવાસી સમાજની આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક છે: મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી

કમલમ્, વલ્લ્ભાડ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી થઈરહી છે.આજની પેઢી સ્વાતંત્ર્ય સંગ્રામમાં બિરસા મુંડાની આગેવાનીમાં આદિજાતિ સમાજના એતિહાસિક યોગદાનને જાણે - સમજે અનેતમાંથી રાષ્ટ્રનિર્માણની પ્રેરણા મેળવે તેવા ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આ વર્ષ જન જાતિય ગૌરવ વર્ષ તરીકે પૂજાય રહ્યાછે. માં ભારતીની આઝાદી માટે બિરસા મુંડાએ આદિવાસી સમાજને એક કર્યા હોતતો આઝાદીમોડી મળી હોત. આઝાદી મળ્યા બાદ આદિવાસી સમાજના ! જીવનનો ઉદય કરવાનો વિચાર ભૂતકાળમાં કોઈને આવ્યો ન હતો પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આદિવાસી સમાજના જીવન ધોરણને ઉપર લાવવાનો વિચાર આવતા આજે આદિવાસી સમાજ વિકાસની મુખ્ય ધારામાંજોડાયો છે. વર્ષ ૨૦૨૧થી વડાપ્રધાનશ્રી જન જાતિય ગૌરવ દિવસની ઉજવણીકરી રહ્યાછે. જનજાતિય ગૌરવ યાત્રા એ આદિવાસી સમાજની આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક છે. આજે આઈઆઈટીમા આદિવાસી સમાજના દીકરા દીકરી અભ્યાસ કરીરહ્યા છે. રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ મેળવી રહ્યા છે. આદિવાસી સમાજના વિકાસ માટે વન બંધુ કલ્યાણ યોજના, રોડ, પાણી, વીજળી, આવાસ, સ્કૂલ અને દવાખાના સહિત ની માળખાકીય સુવિધાની ભેટ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે આપી છે. કમોસમી વરસાદને કારણે ખેડૂતોને થયેલા નુકસાનનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સાતદિવસમાં તાત્કાલિક ઠરાવ કરી પંચ રાજકામનાઆધાર માત્રદ જ દિવસમાં નુકશાન સહાય આપવા માટે કોમ્બરાવી અસંભવ કામને સંભવ કરીગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર તાત્કાલિક ધોરણે ઐતિહાસિક રૂ. ૧૦૬૭૮ કરોડનું પેકેજ જાહેર કરી ખેડૂતો પ્રત્યે સંવેદનાવ્યક્ત કરીખેડૂતોના પડખે ઉભારહેવાનું કાર્ય કર્યું છે.જે બદલ હું ખેડૂતો વતી રાજ્ય સરકારનો આભાર માનુ છું. વલસાડ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોને થયેલા નુકસાન ની સહાય તેમના બેંક ખાતામાં આપવામાંઆવશે. જે કોઈ ખેડૂતને નુકસાન થયુ હોય તો તેમને સહાય આપવાની જવાબદારી મારી અને રાજ્યના મુખ્ય મંત્રીશ્રીની છે.સરકાર ખેડૂતને ફરી બેઠા કરવામાટે પ્રયત્નશીલ છે અને ગુજરાતના ખેડૂતો સશક્ત બની ફરી બહાર આવશે. દિલ્હી આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી મોદીજી અને ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે વિશ્વાસ અપાવ્યો છે કે, આતંકવાદીનું આકાયર તપૂર્ણ કૃત્ય કરનાર જે કોઈપણહશેતેને ભારત બરાબરનો હિસાબ આપશે. નિર્દોષની હત્યા ક્યારેય સાંખી લેવાય નહિ. આજે પાકિસ્તાનને ધૂંટણિયે પાડી દીધું ભારતની આ તાકાતને સમગ્ર વિશ્વે જોઈ છે. આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્યશ્રી રમણ લાલ પાટકર જણાવ્યું કે, વિશ્વાસ સાથે પરિવર્તનનું કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. ગરીબો પ્રત્યે તેમની અપાર લાગણીછે. વિધવાબહેનોને પેંશન, આયુષ્યમાન કાર્ડસહિતના અનેક કાર્યો કર્યા છે.ઉમરગામ તાલુકામાં થયેલા વિકાસ કાર્યોની વાત કરતા ધારાસભ્યશ્રી એ જણાવ્યું કે, ઉમર ગામમાં ૪૦૨૨ આવાસનું કામ પૂર્ણ થયું છે. આ સિવાય વધુ ૧૭૦૦ આવાસબનવા જઈ રહ્યા છે. આગામી તા. ૨૩ મી નવેમ્બરનારોજ યોજાનારરન ફોર યુનિટીમાં ભાગ લેવા સૌને અપીલ કરીહતી.હાલમાં ચાલીરહેલીજીંજે ની ફામગીરી અંગે જણાવ્યું કે, ઉમરગામ તાલુકાના માટેભાગના ગામના લોકો માછીમારી માટે બહાર ગામ જતા હોય છે ત્યારે તેઓના નામ મતદાર યાદીમાં બાકી ન રહી જાય તે અંગેની જવાબદારી બીએલઓઓને જે તે ગામના સરપંચોની છે. આ પ્રસંગે ૧૧ લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ વિતરણ કરાયા હતા, સાથેજ રમત ગમતમાં સિદ્ધિ મેળવનાર ૧૦ ખેલાડીઓનુ સન્માન કરાયું હતુ. સાંસ્કૃતિક કાર્યક્રમ માં ઉમરગામ તાલુકાની વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓએ ડાંગી નૃત્ય, આદિવાસીનૃત્ય, મરાઠી નૃત્ય અને માછી નૃત્ય રજૂ કરીસૌને મંત્રમુગ્ધ કર્યા હતા. નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીઅને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાષ્ટ્રીયકક્ષાના કાર્યક્રમનું જીવંતપ્રસારણ સૌએ નિહાળ્યું હતું. સ્વાગત પ્રવચન પ્રાંત અધિકારીશ્રી નિરવભાઈ પટેલે કર્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્માએ વારલી પેઈન્ટિંગ અને પુસ્તક સાથે મંત્રીશ્રી વાઘાણીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. સરપંચ સંઘ, પ્રાથમિક શિક્ષક સંઘ, ઉમરગામ પાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો દ્વારામંત્રીશ્રીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ આદિવાસીદિવ દેવતાનું પૂજન કરી ધન્યતા અનુભવી હતી. આ કાર્યક્રમમાં ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી લલિતાબેન દુમાડા, ઉમરગામ પાલિકા પ્રમુખ શ્રી મનીષ રાય, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી ભરતભાઈ જાદવ, ધોડીપાડા ગામના સરપંચ બીનાબેન, માજી સાંસદ શ્રી ડો. કે.સી.પટેલ, જિલ્લા સંગઠન મહામંત્રીશ્રી શિલ્પેશ દેસાઈ, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી બી.એન.દવે, જિલ્લા ખેતીવાડી અધિકારીએ.કે.ગરાસિયા, નાયબ બાગાયત નિયામક નિકુંજ પટેલ, આત્માના ડેપ્યુટી ડાયરેક્ટર રવિમલ પટેલ સહિતનો ઉચ્ચ અધિકારીઓ, સ્થાનિક આગેવાનો અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે આહવા ખાતે ભગવાન બિરસા મુંડા કૌશલ્ય ભવનનું લોકાર્પણ કરાયું

કમલમ્, આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તેમજ વિધાનસભા નાયબ દંડક શ્રી વિજય ભાઈ પટેલની ઉપસ્થિતમાં ડો. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત ભગવાન બિરસા મુંડા કૌશલ્ય ભવનનું લોકાપણ કરાયું હતું. દરમિયાન મંત્રીશ્રીએ સ્વ.દેવશીભાઈ લખમણભાઈ ભાટુભાઈ કૌશલ્ય ભવન, સુરત દ્વારા આર્થોજિત ૨૪૩ સરસ્વતી ધામ લોકાપણ સમારોહના કાર્યક્રમમાં હાજરી આપી હતી. નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ આ પ્રસંગે ઉપસ્થિતિ સૌને જનજાતિય ગૌરવ દિવસની શુભકામનાઓ પાઠવી આહવા ખાતે શરૂ કરવામાં આવેલ ભગવાન બિરસા મુંડા કૌશલ્ય ભવનના દાતાઓને અભિનંદન પાઠવ્યા હતાં. આહવા ખાતે શરૂ થયેલ ભગવાન બિરસા મુંડા કૌશલ્ય વિકાસ કેન્દ્રમાં યુવાનોના સર્વાંગી વિકાસ માટે કુલ ૨૧ પ્રકારની વિવિધ નિઃશુલ્ક તાલીમો આપવામાં આવશે. આ પ્રસંગે પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા, પૂજ્ય પી.પી. સ્વામી, ભાજપા પાર્ટીપ્રમુખ શ્રીકિશોરભાઈ ગાવીત, શ્રી સુભાષભાઈ ગાઈન, સહિત અગ્રણી શ્રી સુરેશભાઈ જોષી, શ્રી લલિત બંસલ, તેમજ સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા અને સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા ની અધ્યક્ષતામાં ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કોઓર્ડીનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (દિશા) બેઠક યોજાઈ

કેન્દ્રીય મંત્રીશ્રી અને સાંસદ શ્રી એ જિલ્લામાં કાર્યરત વિવિધ કલ્યાણકારી યોજનાઓ ની સમીક્ષા કરી



કમલમ્, જૂનાગઢ

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા અને સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા ની અધ્યક્ષતામાં ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કોઓર્ડીનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (દિશા) બેઠક જૂનાગઢકલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમા કેન્દ્રીય મંત્રીશ્રી અને સાંસદશ્રીએ સંલગ્ન તમામ વિભાગના અધિકારીઓ સાથે કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા જિલ્લામાં અમલીકૃત વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી. તેમજ જિલ્લાના વિકાસલક્ષી પ્રશ્નો અને સરકારની વિવિધ યોજનાઓના તબક્કામાં ભૌતિકસિદ્ધિ, કાળવેલા લક્ષ્યાંક, પૂર્ણ થયેલા કામો, પ્રગતિ હેઠળના કામો, પૂર્ણ ન થયેલા કામો અંગે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવીહતી. આબેઠકમાં નેશનલ હાઈવેઓથોરિટીહેઠળના મંજોની મરામત, સોઈલ હેલ્થ કાર્ડ, મનરેગા ના કામો, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અને શહેરી, વિદ્યુતલક્ષી કામો ,સ્વામિત્વ યોજના સહિતની વિવિધ યોજનાઓ ની વિગતવાર સમીક્ષા કરી હતી. કેન્દ્રીય મંત્રી શ્રીએ ખાસકરીને અધિકારીઓને તાકીદ કરતા જણાવ્યું હતું કે દરેક કામ સમય મર્યાદા અને ગુણવત્તા સાથેકામ થાયએ જરૂરીછે. તેમજ અધિકારીઓને વિવેકાધીન અધિકારનો ઉપયોગ કરીને વિવેકપૂર્ણ નિર્ણય લેવાઅંગે જણાવ્યુ હતુ. જૂથીનાગરિકોની સુખાકારીમાં વધારો થઈ શકે. નાગરિકોની વિવિધ સમસ્યાઓને લઈ જન પ્રતિનિધિઓ દ્વારા અધિકારીઓ સમક્ષ મુશ્કેલીના નિવારણ માટે જેરજુઆતો કરવામાં આવે છે. તેનું સત્વરે હકારાત્મક નિરાકરણ આવે એ દિશામાં કામ કરવા માટે સાંસદશ્રીએ અધિકારીઓને જરૂરીસૂચનો આપી હતી આબેઠક માંજૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય શ્રી સંજય ભાઈ કોરડીયા, ધારાસભ્ય શ્રી અરવિંદ લાડાણી ,ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠિયા, જૂનાગઢ જિલ્લા કલેક્ટર રશ્મી અનિલકુમાર રાણાવસિયા, જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી શ્રીએચ.પી. પટેલ,જૂનાગઢ પોલીસ વડા શ્રી સુધાંશુ આઈદરા સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોરબીમાં શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાના અધ્યક્ષસ્થાને ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતીનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો

"આદિજાતિના ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી તેમના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે" - જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘી

કમલમ્, મોરબી,

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીએ વર્ષે મોરબી જિલ્લામાં શ્રમ, રોજગાર અને કૌશલ્યા વિકાસ રાજ્ય મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયા ના અધ્યક્ષસ્થાને તથા જિલ્લા કલેક્ટરશ્રી સ્વપ્નિલ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી મુકેશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શૈલેષચંદ્ર ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિમાં પંચમુખી હનુમાનજી, વેજીટેબલ રોડ ખાતે જિલ્લા કક્ષાએ જનજાતિય ગૌરવ વર્ષ ઉત્સવની ઉજવણી કરવામાંઆવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘીએ જણાવીહતું કે, આ કાર્યક્રમનો ઉદ્દેશ આવનારી પેઢી સુધીભગવાન બિરસા મુંડાના બલિદાન, સંઘર્ષ તેમજ તેમની વિચારધારાને પહોંચાડવાનો છે. ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજો સામે લડત ચલાવી હતી, જમીનદારી વ્યવસ્થાનમ મહેસૂલી શાસન સામે આઝાદીનું રણશિંગુ ફૂંક્યું હતું.

આદિજાતિના લોકોને સંગઠિત કરવામાં અને આદિવાસી સંસ્કૃતિની જાળવણીમાંપણ તેમનો મહત્વનો ફાળો રહ્યો છે, ત્યારે સરકાર તેમની ૧૫૦ મી જન્મ જયંતીને જન જાતિય ગૌરવ વર્ષ ઉત્સવ તરીકે ઉજવી રહી છે. આદિજાતિના વિકાસમાટે કાર્યરત વિવિધ યોજનાઓની વાત કરતા તેમણે જણાવ્યું હતુંકે, આદિજાતિના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં અંદાજે રૂ. ૩૯૭.૩૦લાખના ૨૭ કામોનું ખાતમુહૂર્ત અને અંદાજે રૂ. ૬૮૯.૭૬ લાખના ૫૩ કામોનું લોકાપણ કરી અંદાજે રૂ. ૧૦૮૭ લાખથીવધુની ૨૪મના ૮૦ વિકાસ કામોની ભેટ મોરબીને અપણ કરવામાં આવી હતી. જેમાં તાલુકા પંચાયતોહસ્તકના અંદાજે રૂ. ૩૫ લાખથી વધુ રકમના ૨૩ કામોનું ખાતમુહૂર્ત અને રૂ. ૩૧૦ લાખથી વધુરકમના ૩૩કામોનું લોકાપણ, આરોગ્ય વિભાગના અંદાજે રૂ. ૫૩૯ લાખથી વધુ રકમના ૧૬ કામોનું લોકાપણ તથા માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) હસ્તકના અંદાજે રૂ.૩૨૨ લાખના ૪ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વક્તાશ્રી મહેશ બાપલીયા દ્વારા ભગવાન બિરસા મુંડાના જીવન-કવનપર વક્તવ્ય આપવામાં આવ્યું હતું અને તેમના જીવન-કવન ઉપર આધારિતએક ફિલ્મનું પણ પ્રદર્શન કરવામાંઆવ્યું હતું.

આ કાર્યક્રમમાં આદિજાતિ સમુદાયના રમતવીરો, ખેલાડીઓ અને સફળ વ્યક્તિઓ તેમજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી સ્વપ્નિલ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી મુકેશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી શૈલેષચંદ્ર ભટ્ટ , નિવાસી અધિકકલેક્ટરશ્રી એસ.જે. ખાચર, જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રીહિંગળાભાઈ ટમારીયા, મોરબી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી સરોજબેન ડાંગરોચા, મોરબી તાલુકા પંચાયતના પ્રમુખશ્રી અશોકભાઈ દેસાઈ, અગ્રણીશ્રી જયંતીભાઈ ભાડેસીયા સહિત મહાનુભાવો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, આદિજાતિ સમુદાયના લોકો તેમજ જિલ્લાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોરબીમાં બેલા (રંગપર) ખાતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાના વરદ હસ્તે અંદાજે રૂ. ૫૯.૭૭ કરોડથી વધુના રસ્તાઓના કામોનું ખાતમુહૂર્ત કરાયું

" એક આદર્શ રોડ મેપ બનાવી મોરબી જિલ્લામાં વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યા છે; વિકાસના પંથે મોરબી હજુ આગળ વધે તે માટે સહિયારા પ્રયાસ કરીએ "- મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયા

કમલમ્, મોરબી,

મોરબીમાં બેલા(રંગપર) ખાતે શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્ય મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાની અધ્યક્ષતામાં રોડ રસ્તાના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયોહતો જ્યાંમંત્રીશ્રીના વરદ હસ્તે માર્ગ અને મકાન વિભાગ પંચાયત તથા સ્ટેટ હસ્તકના રૂ. ૫૯.૭૭ કરોડથી વધુના રોડ રસ્તાના કામોનુંખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાએજણાવ્યું હતું કે, એક આદર્શ રોડ મેપ બનાવી મોરબી જિલ્લામાં વિકાસ કાર્યો કરવામાં આવીરહ્યા છે. વિકાસના પંથે મોરબી હજુ આગળ વધે અને બહારના લોકોનેમોરબી આવવાનું મન થાય તે માટે સૌને સહિયારા પ્રયાસ કરવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેઘીએ જણાવ્યું હતું કે, સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ ની નેમ સાથે મોરબી જિલ્લામાં અનેક વિકાસ કાર્યો નિર્માણ પામી રહ્યા છે. અને રાજ્યની સાથે મોરબી જિલ્લાનો વિકાસના માર્ગે હરણફાળ કરી રહ્યો છે. પ્રાસંગિક પ્રવચન આપતા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએજણાવ્યું હતુંકે કોઈ પણ ક્ષેત્રના વિકાસ માટે રોડ રસ્તા ખૂબ જ મહત્વના છે. ત્યારે આ માર્ગોના નિર્માણ થકી મોરબીના વિકાસને વધુ વેગ મળશે. મોરબી જિલ્લામાં વાહન વ્યવહાર સુગમ બનાવવા તથા પરિવહન ક્ષેત્રે માળખાકીય પરિવર્તન માટે અંદાજે રૂ. ૨૮.૪૩ કરોડથી વધુના ખર્ચે બેલા (ભરતનગર (શ્રી ખોખરા હનુમાન) રોડ, અંદાજે રૂ. ૭.૯૦ કરોડના ખર્ચે પીપળીયા-મહેન્દ્રનગર-સરવડસ્ટેશનું રીસર્ફેસિંગ, અંદાજે રૂ. ૩.૫૧ કરોડથી વધુ ના ખર્ચે ડિકિયારી ખાતે મેજર બ્રિજ અને અંદાજે રૂ. ૧૫.૯૩કરોડથીવધુના ખર્ચે અણીયારી વજેપર ઘાટીલા રોડસહિતના રોડરસ્તાના કાર્યોની ભેટ મંત્રીશ્રીએ મોરબી જિલ્લાને અર્પણ કરીહતી. આપ્રસંગે મોરબી જિલ્લા કારોબારી સમિતિના ચેરમેન શ્રી પ્રવીણભાઈ સોનગ્રા, મોરબી તાલુકાપંચાયતના પ્રમુખશ્રી અશોકભાઈ દેસાઈ, જિલ્લા પંચાયતનાસદસ્યશ્રી જીગ્નેશભાઈ કેલા, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેરશ્રી દિગ્વિજય સોલંકી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના કાર્યપાલક ઈજનેરશ્રીદિવ્યેશભાઈ બાબરવા, મોરબી ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેનશ્રી જયંતીભાઈ પટેલ, મોરબી સિરામિક એસોસિએશનના પ્રમુખશ્રી મનોજભાઈ પટેલ તથા પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સરદાર પટેલના વિચારો અને દ્રઢસંકલ્પથી જભારત આજેએકત્વ અને વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છેઃ નાયબ મુખ્યમંત્રી

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મજુરા વિધાનસભાની 'સરદાર @150 યુનિટી માર્ચ' પદયાત્રા યોજાઈઃ ૨૦,૦૦૦ થી વધુ રાષ્ટ્રપ્રેમી નાગરિકો જોડાયા

કમલમ્, સુરત,

દેશની એકતા, અખંડતાનાના પ્રતિક લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મજુરા વિધાનસભા વિસ્તારની 'સરદાર @150 યુનિટી માર્ચ' પદયાત્રા યોજાઈ હતી. જિલ્લા વહીવટીતંત્ર અને સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર પદયાત્રા શહેરના અટલ ક્લિનીક, બમરોલીથી રત્નદીપ સોસાયટી ખાતે પૂર્ણ થઈ હતી. ૮ કિલોમીટર લાંબી આ પદયાત્રામાં ૨૦,૦૦૦ થી વધુ રાષ્ટ્રપ્રેમી નાગરિકો જોડાયા હતા. 'વંદે માતરમ અને ભારત માતા કી જય' ના નારા સાથે સમગ્ર માહોલ દેશભક્તિમય બન્યો હતો. સુરતની ઐતિહાસિક ભૂમિ પરથી ઉઠેલો મા ભારતીનો નારો દેશભરમાં ગુંજે તેવી અપેક્ષા વ્યક્ત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દેશને એકતાની ડોરમાં બાંધનાર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ કશ્મીરથી કન્યાકુમારી સુધી ધામધૂમપૂર્વક ઉજવાઈ રહી છે. સરદાર પટેલના વિચારો અને દ્રઢ સંકલ્પથી જ ભારત આજે એકત્વ અને વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. દેશની એકતા અને અખંડિતતા જાળવવામાં સરદાર સાહેબનું યોગદાન અવિસ્મરણીય હોવાનું તેમણે જણાવ્યું હતું. મજુરા વિસ્તારમાં યોજાયેલી યુનિટી માર્ચ પદયાત્રા અંગે તેઓએ જણાવ્યું હતું કે, મજુરા વિસ્તાર 'મિની ભારત' સમાન છે, જ્યાં વિવિધ સંસ્કૃતિ અને સમુદાયના લોકો એકતાની ભાવના અને વિવિધતામાં એકતા સાથેની ભારતીય ઓળખ સાથે રહે છે. આ પદયાત્રા યુવા પેઢીને સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રને એક બનાવવા કરાયેલા ઐતિહાસિક પ્રયાસો તથા તેમના વિઝન વિશે માહિતગાર કરવાની ક્ષણ છે એમ તેમણે ઉમેર્યું હતું. પદયાત્રા બાદ ઉપસ્થિત સૌએ સ્વદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી આત્મનિર્ભર ભારત નિર્માણના શપથ લીધા હતા. આ પ્રસંગે મેયર દક્ષેશભાઈ માવાણી, કોર્પોરેટરો, પદાધિકારીઓ, પાલિકાના અધિકારીઓ, અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

"એક ભારત, આત્મનિર્ભર ભારત" સંદેશ સાથે સરદાર @150 યુનિટી માર્ચ; જિલ્લો – ડાંગ

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ડાંગ જિલ્લાની એકતા પદયાત્રામાં બે હજારથી વધુ નાગરિકો ઉત્સાહભેર જોડાયા

રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ડાંગના પ્રભારી મંત્રીશ્રી ડો. જયરામભાઈ ગામીતે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'આત્મનિર્ભર ભારત'ના અભિયાન દ્વારા અખંડ ભારતનો પાયો વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો

કમલમ્, આહવા

ભારતના લોહપુરુષ અને રાષ્ટ્રનિર્માતાસરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિને નિમિત્તો સમગ્ર દેશમાં મનાઈ રહેલી સરદાર @150 યુનિટી માર્ચ અંતર્ગત ડાંગ જિલ્લામાં ભવ્ય એકતાપદયાત્રાનું આયોજન કરવામાંઆવ્યું હતું. આ કાર્યક્રમમાં મહાનુભાવોનુ સ્વાગત પરંપરાગત આદિવાસી ડાંગી નૃત્ય દ્વારા કરવામાંઆવ્યું હતું. ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવો એ સરદાર સન્માન યાત્રાની શરૂઆત પહેલાં આહવા ફુવારાસર્કલ પાસેસરદાર પટેલની પ્રતિમાનું આનાવરણ કરી પ્રતિમાને ફુલહાર ચઢાવી-ફૂલો અર્પણ કર્યા હતાં. આ યાત્રા આહવાના ફુવારા સર્કલ થી શરૂ થઈ લશ્કર્યા સર્કલ ખાતેસમાપન કરવામાંઆવ્યું હતું. આ એકતા પદયાત્રાને પદયાત્રામાં રમત ગમત વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી વ ડાંગના પ્રભારી મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, ગુજરાત વિધાનસભા નાયબ દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખશ્રીમતી નિર્મળાબેન ગાઈન, ઈન્ચાર્જ જિલ્લાકલેક્ટર શ્રી કે. એસ. વસાવા, જિલ્લા પોલીસ વડાશ્રી પૂજા યાદવ, પ્રાયોજના વહીવટદાર શ્રી આનંદ પાટીલ, ઉત્તર નાયબ વન સંરક્ષક શ્રી મુરારીલાલ મીણા, પ્રાંત અધિકારી સુશ્રી કાજલ આબલિયા, નાયબ જિલ્લાવિકાસ અધિકારીશ્રી હિરલ પટેલેસહિતવિવિધ મહાનુભાવોએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ડાંગ જિલ્લાની આ અદભુત પદયાત્રામાં સરદાર પટેલવેશભૂષા પદયાત્રીઓ, કલાકારો, માય ભારતના સ્વયંસેવકો, યોગ બોર્ડના સભ્યો, શાળાનાં વિદ્યાર્થીઓ, કોલેજના વિદ્યાર્થીઓ, પોલીસ અને ફાયર ફાઈટરો અને NCC કેડેટ્સ, યુવાનો, આહવા સહિત ગ્રામ્ય વિસ્તારનાનાગરિકો, વિવિધ અધિકારીશ્રીઓ, પદાધિકારીઓ, જિલ્લાની કચેરીઓના કર્મચારીઓ સહિત યુવા સંગઠનો, વિવિધ સમાજના આગેવાનો મળી અંદાજિત બે હજાર થી વધુ પદયાત્રીઓ સહભાગી થયાં હતા. સૌએ સરદાર સાહેબનાં જીવનમૂલ્યો—રાષ્ટ્રભક્તિ, અખંડ ભારતનું સ્વપ્ન અને રાષ્ટ્રીય એકતા—ને દરેકસુધી પહોંચાડવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી વ ડાંગના પ્રભારી મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીતેજણાવ્યું હતું કે, આઝાદી પછી સરદાર વલ્લભભાઈ પટેલે દેશના રજવાડાઓને જોડીને એક અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એ જ એકતાના મંત્રને એક ભારત, શ્રેષ્ઠ ભારતથીસાકાર કર્યોછે. વડા પ્રધાન શ્રી નરેદ્રભાઈ મોદીએ સરદાર વલ્લભભાઈપટેલનું સ્ટેચ્યુ બનાવી સરદારના વિચારો સાર્થક કર્યા છે. મંત્રીશ્રી સરદાર વલ્લભભાઈપટેલના જીવનચરિત્ર, સાહસ, મક્કમતા અને દેશભક્તિથી પ્રેરણા લઈ અખંડ ભારતની સંકલ્પનાને સાકાર કરવા અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'આત્મનિર્ભરભારત'ના અભિયાન દ્વારા અખંડ ભારતનો પાયો વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સાંસદ શ્રી ધવલભાઈ પટેલે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબની સ્મૃતિ ચિરંજીવ રહે તે માટે કેવડિયા કોલોનીખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ કરીને સરદાર પટેલને સાચીઅંજલિ અર્પીહોવાનું જણાવ્યું હતું. વધુમાંશ્રી પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સમગ્રદેશમાં યોજાઈ રહેલીએકતા યાત્રા ખરા અર્થમાં ભારતને એક અને અખંડ બનાવી સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ આપતી યાત્રા બની રહેવાની છે. તેમ જણાવી તા. ૨૬ નવેમ્બર પછી કેવડીયાસુધીયોજનાર પદયાત્રામાં યુવાનોનેજોડાવા અપીલકરી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાન સભા નાયબ દંડક શ્રીવિજયભાઈ પટેલે સરદાર વલ્લભભાઈ પટેલના જીવનચરિત્ર અને વિરાટ વ્યક્તિત્વનેયાદ કરીનેતેઓ દ્વારા કરવામાં આવેલા અખંડ ભારતના નિર્માણનું સ્મરણ કર્યું હતું. સાથે જ સરદાર સાહેબની જેમ દેશની એકતા જાળવવા પોતાને સમર્પિત કરવા તથા આપણા ગૌરવંતા ઈતિહાસને હંમેશા યાદ રાખી પ્રેરણા લેવા આહવાન કર્યું હતું. કાર્યક્રમમાં સૌએ સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવા શપથ ગ્રહણ કરી હતી.

આ સાથે જિલ્લાની વિવિધ શાળામાં યોજાયેલ સ્પર્ધાઓમા વિજેતા બનેતા વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપીસન્માનિત કરાયાહતા. આ સમગ્ર પદયાત્રાનાનું આયોજન ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ડાંગ દ્વારા સમગ્રકાર્યક્રમનુંસંચાલન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રયોશા પ્રતિષ્ઠાન સંસ્થાન સંચાલિત સંતોકબા ધોળકીયા વિદ્યામંદિર માલેગામ દ્વારા લશ્કર્યા ખાતે સૌ પદયાત્રીઓ માટે ભોજન વ્યવસ્થા કરવામાંઆવી હતી. નોંધનિય છે કે, સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓક્ટોબર, ૧૮૭૫ ના રોજ ખેડા જિલ્લાના નડિયાદમાં થયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ વર્ષ ૨૦૨૫ માં તેમની ૧૫૦મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કેવડિયાસ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે કરવામાં આવીરહી છે. કેન્દ્ર સરકાર દ્વારા સરદાર સાહેબના અપરંપાર રાષ્ટ્રસેવાને સન્માન આપવા ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન બે વર્ષીય રાષ્ટ્રીય સ્તરે ઉજવણી યોજાઈ રહી છે. દર વર્ષે ૩૧ ઓક્ટોબરેતેમની જન્મજયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી થાય છે. દેશભરમાં 'સરદાર @150 યુનિટી માર્ચ', ચર્ચાસત્રો અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થઈરહ્યું છે.

ભારત પર્વ મંચ દ્વારા દેશનો સમૃદ્ધ વારસો ઉજાગર કરી રહી છે તેલંગાણાની ચેરિયાલ ચિત્રકાર

૨૪ વર્ષીય વંશિથા ચેરિયાલ પેઇન્ટિંગ દ્વારા રજૂ કરે છે પૌરાણિક કથાઓ, તેલંગાણાની હસ્તકળાએ એકતા નગર ખાતે લોકોને કર્યા મંત્રમુગ્ધ

કમલમ્, ગાંધીનગર

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીનિમિત્તે એકતા નગર ખાતેવિશ્વની સૌથીઊંચી પ્રતિમા'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના પરિસરમાં ભારતસરકાર અને ગુજરાત સરકારનાસહયોગથી 'ભારત પર્વ ૨૦૨૫'નું ભવ્ય આયોજન થયું છે. ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિ, કલા અને હસ્તકલાને ઉજાગર કરતોઆ જીવંત ઉત્સવ અને કતામાં એકતાની ઝલક રજૂ કરે છે. ભારત પર્વમાં વિવિધ પ્રાંતો દ્વારા પોતાના વિશિષ્ટ વારસાનું પ્રદર્શન જોવામળી રહ્યુંછે, જેમાંતેલંગણાની અનોખીચેરિયાલ પેઈન્ટિંગ્સ દર્શાવતોસ્ટોલ તેનારંગો, કથાઓઅને ઈતિહાસમાટે અલગતરી આવ્યો છે.

૨૪ વર્ષીય કલાકાર દ્વારા તેલંગાણાના સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરતી ચેરિયાલ પેઇન્ટિંગ્સનું પ્રદર્શન

તેલંગાણાની ૨૪વર્ષીય ચેરિયાલ કલાકાર સી.એચ. વંશિથા અને તેની માતા તેમના પ્રાંતની સંસ્કૃતિની સદીઓ જૂની વાર્તાને ચેરિયાલ પેઈન્ટિંગ્સ દ્વારા રજૂ કરવા અને આ કળાને સાચવવાના મિશન પર છે. એકતા નગર ખાતે ભારત પર્વના માધ્યમથી તેઓ આ મિશનને આગળ ધપાવીરહ્યાછે. ઉલ્લેખનીય છેકે, ચેરિયાલકળા એતેલંગણાના ચેરિયાલ ગામની એક પરંપરાગત સ્ક્રોલ પેઈન્ટિંગ શૈલી છે, જે હિન્દુ પૌરાણિક કથાઓ, લોકકથાઓઅને ગ્રામીણજીવનના દ્રશ્યોદર્શાવે છે. આ કળામાં જીવંત અને જટિલ કથાત્મક ચિત્રો ખાદીના કાપડ પર બનાવવામાં આવે છે. તેમાં આમલીના બીજની પેસ્ટ, ચોખાનો સ્ટાર્ચ અને ચૉક પાઉડરના મિશ્રણનો ઉપયોગથાય છે, જે પેઈન્ટિંગ માટે મજબૂતબેઝ તૈયાર કરે છે.

મંત્રમુગ્ધ કરનારી તેલંગાણાની ચેરિયાલ સ્કોલ પેઇન્ટિંગને મળ્યો છે જીઆઇ ટેગ

તેલંગાણાની ચેરિયાલ પેઈન્ટિંગ્સ સાંસ્કૃતિક અભિવ્યક્તિનું સુંદર માધ્યમ છે, જેના રંગોજોનારાને મંત્રમુગ્ધકરી નાખે છે. આ કળાને તેના સાંસ્કૃતિક વારસામાટે જિઓગ્રાફિકલ ઈન્ડિકેશન (જીઆઈ) ટૅગ મળ્યો છે. ચેરિયાલ પેઈન્ટિંગ્સની ખાસિયત તેના કુદરતી રંગો છે. કલાકારો ખનિજો, ફૂલો, દરિયાઈ શેલ વગેરેમાંથી કલર મેળવેછે અને તેને હેન્ડમેડ બ્રશ દ્વારા કાપડ પર ઉતારે છે. રામાયણ, મહાભારત અને સ્થાનિક લોકકથાઓ જેવાભારતીય મહાકાવ્યોના દ્રશ્યો આપેઈન્ટિંગ્સમાં અદભુત લાગે છે. દરેક ચિત્ર એક જીવંત વિઝ્યુઅલ સ્ટોરીની જેમ પ્રગટ થાય છે, જે ગ્રામીણ તેલંગાણાની સમૃદ્ધ પરંપરાઓ અને જીવનશૈલીનું વર્ણન કરે છે. બૅકગ્રાઉન્ડમાં ચળકતોલાલ રંગ, ચહેરાની અભિવ્યક્તિ અને બોલ્ડ આઉટલાઈન ચેરિયાલ પેઈન્ટિંગ્સની ઓળખ છે. પરંપરાગત રીતે લોક ગાયકો અને કલાકારો દ્વારા તેમની વાર્તા રજૂ કરવા માટે આ ચિત્રોનો ઉપયોગ કરે છે, પરંતુ આજે આ હસ્તકલા વૉલ હેન્ગિંગ્સ (ફોટોફ્રેમ કે પોસ્ટર્સ), માસ્ક અને કલાત્મક સુશોભનની વસ્તુઓ સુધી પણ વિસ્તરી છે. આ હસ્તકલાને નકશી કલાકારો(ચેરિયાલ ચિત્રકારો)ની પેઢીઓ આગળ ધપાવી રહી છે, જેઓ સદીઓ જૂની તકનીકોને જાળવી રાખીને તેમાં નવીનતા ઉમેરીરહ્યા છે. ભારત પર્વ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓએ ચેરિયાલ પેઈન્ટિંગ્સને રસપૂર્વક નિહાળી હતી અને પૌરાણિક કથાઓ દર્શાવતા ચિત્રોનું વર્ણન પણ સાંભળ્યું હતું. પહેલીવખત ભારતપર્વ જેવા કાર્યક્રમ માં સામેલ થનારી અને બી.ટેક.ની ડિગ્રી ધરાવતી સી.એચ. વંશિથાએ જણાવ્યું કે, "હું બાળપણથી જ આ કળાના પરિચયમાં છું. મારી માતા છેલ્લા ૧૫ વર્ષોથી આ કળા પ્રત્યે સમર્પિત છે અને હું છેલ્લા ચાર વર્ષથી આ કળા સાથે જોડાયેલી છું. અમે બનાવેલા દરેક ચિત્રમાં આપણાં દેવતાઓ, પૂર્વજોની વાર્તાઓ છે. અમારું લક્ષ્ય છે કે આ કળાના માધ્યમથી દુનિયા જાણે કે આપણો વારસો કેટલો સમૃદ્ધ છે."

પરંપરા, સંદેશ અને સર્જનાત્મકતાનો અનોખો સમન્વય એટલે ભારત પર્વ

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આયોજિત ભારત પર્વ–૨૦૨૫ દેશભરના કારીગરો અને કલાકારો માટે તેમની પ્રાદેશિક પરંપરા અને વારસો રજૂ કરવાનું સશક્ત મંચ છે. આ મંચ દ્વારા તેલંગાણાની ૨૪ વર્ષની યુવતીએ પોતની હસ્તકલા દ્વારા ભારતની 'વિવિધતામાં એકતા'ની ભાવનાને પ્રતિબિંબિત કરીછે. ડિજિટલ આર્ટ અને મૉડર્ન સ્ટોરીટેલિંગના આ યુગમાં વંશિથા ચેરિયાલ પેઈન્ટિંગ્સ જેવી હસ્તકળાના વારસાને આગળ ધપાવીરહી છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :- Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028